



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુર પાસે ટ્રેલરે ઊંટલારીને ટક્કર મારતાં બે યુવકોનાં મોત

પાલનપુરમાં આબુ હાઈવે ઉપર તાલુકા પોલીસમથક નજીક સોમવારે રાત્રે ૧૧ કલાકના સુમારે સર્જાયેલા અકસ્માત અંગે પાલનપુર હરિપુરાના મંગાભાઈ બબાભાઈ પટ્ટણીએ જણાવ્યું હતુ કે બાલારામના મેળામાં મકાઈનો વેપાર કરી ચાર યુવકો ટલારીમાં પરત ફરી રા હતા ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલા ટ્રેલર ચાલકે ટલારીને ટક્કર મારતાં વિજયભાઈ પટ્ટણી (૨૫) અને ૧૮વર્ષીય aakash arjanbahi patnni (amdavad) na યુવકનું ઘટના સ્થળે મોત નિપજયું હતુ. જયારે પાલનપુર હમીરપુરાના કાન્તિભાઈ કલ્યાણભાઈ પટ્ટણી (૩૫) અને મહેરવાડાના કેશાભાઈ બબાભાઈ પટ્ટણી (૨૭) ને ઈજા થઈ હતી. આ ઉપરાંત ટ્રેલર ચાલકે હનુમાન ટેકરી નજીક કારને પણ ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કારમાં બેઠેલા ત્રણ જણના ચમત્કારિક બચાવ થયો હતો.

# હાઈકોર્ટના આદેશને પગલે પાલનપુરના સુખબાગરોડ પર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાઈ

## બે દિવસીય ઝુંબેશમાં ૬૫ પાકા દબાણો તોડી પડાશે

પાલનપુર, તા. ૨૬

પાલનપુર શહેરના સુખબાગ રોડ પરના દબાણો પર આજે પ્રશાસન ત્રાટક્યું હતું. હાઈકોર્ટના આદેશ મુજબ સુખબાગ રોડને સાંકડો કરતા જાહેર માર્ગ પરના દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેમાં ૬૫ જેટલા પાકા દબાણો તોડી પાડવામાં આવશે.

પાલનપુર શહેરનો સુખબાગ રોગ ૬૦ ફૂટ પહોળો હતો. પરંતુ જાહેરમાર્ગ પરના વધતા જતા દબાણોને કારણે રોડ સાંકડો બની ગયો હતો. આ અંગે સી.એમ.ઓન લાઈન સહીતની ઉચ્ચકક્ષાની ફરીયાદો પ્રશાસનના બહેરા કાને અથડાઈને પરત ફરતા આખરે મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જ્યાં હાઈકોર્ટના આદેશ મુજબ આજે વહીવટીતંત્રએ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હોવાનું પ્રાંત અધિકારી જે.બી. દેસાઈએ જણાવ્યું હતું.

જેમાં પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં કલેક્ટર મકાન વિભાગ, સીટી સર્વે, ડી.આઈ.એલ.આર કચેરી, જી.ઈ.બી. અને પાલીકાના સ્ટાફ લોકોના પાકા મકાનોની કમ્પાઉન્ડ વોલ, જાજરૂ-બાથરૂમ, ઓસરી, ઓટલા, શેડ સહીતના પાકા



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દીલીપકુમાર રાણાની સુચના અન્વયે નાયબ કલેક્ટર જે.બી. દેસાઈની નિગરાની તળે કાર્યપાલક ઈજનેર માર્ગ અને સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાકા દબાણો પર જે.સી.બી. મશીન ફરી વળ્યું હતું. જેમાં આજે રાજકીય અગ્રણીઓ સહીતના દબાણો દૂર કરાયા હતા. બે દિવસ ચાલનારી આ ઝુંબેશને પગલે દબાણકારોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

# ડીસા વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપ ઉમેદવાર જાહેર : લેબુજી ઠાકોર સત્તાવાર ઉમેદવાર

ડીસા, તા. ૨૬

ડીસા સહિત રાજ્યની ૯ વિધાનસભા બેઠકની આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ પેટા ચૂંટણી જાહેર થતા રાજકિય પક્ષોમાં દોડધામ વચ્ચે આજે દિલ્હી ભાજપે ૯ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનાં ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જેમાં પુનઃ ઠાકોર સમાજનો દબદબો કાયમ રહ્યો હતો, અને ડીસા વિધાનસભા બેઠક માટે લેબુજી ચમનજી ઠાકોરની પસંદગી થઈ છે.

ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ટીકીટ કોને ? રહસ્ય પરથી આજે પડદો ઊંચકાયો છે, અને દિલ્હીથી આજે ભાજપ દ્વારા ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરાઈ છે, જેમાં ડીસા વિધાનસભા મત વિસ્તારમાં સૌથી વધુ ઠાકોર સમાજનું પ્રભુત્વ છે અને ત્યારબાદ રબારી વસ્તી છે. ત્રીજા ક્રમે માળી સમાજ આવે છે ત્યારે ભાજપ દ્વારા પુનઃ જ્ઞાતિવાદી સમીકરણોને નજર સમક્ષ રાખી ડીસા તાલુકા ભાજપ સમિતિનાં લેબુજી ચમનજી ઠાકોરની પસંદગી કરતા ઠાકોર સમાજમાં ખુશી ફેલાઈ છે. આ વખતે તમામ સમાજના લોકોનાં મંતવ્યો અને રજૂઆત અહીં આવેલા ૩ નિરિક્ષકો એવા કે.સી. પટેલ, જયશ્રી ચૌહાણ અને રમીલાબેન બારાએ સાંભળ્યા હતા, અને તે બાદ પેનલમાં પ્રદેશ કક્ષાએ સંભવિતની યાદી મોકલાઈ હતી, જે બાદ ટીકીટ કોને ? ના સસ્પેન્સન વચ્ચે પ્રવીણભાઈ ગોરધનજી માળી, મગનલાલ માળી, સંજય દેસાઈ, માવજીભાઈ દેસાઈ, શશીકાન્તભાઈ પંડ્યા, દિનેશભાઈ અનાવાડીયા, અમરતભાઈ જોશી અને મહિલા ઉમેદવારોમાં સાધ્વી નિર્મલાપુરીજી, રાજુલબેન દેસાઈ અને ડો. તેજલબેન પટેલનાં નામો સંભવિત ઉમેદવારો તરીકે ચગ્યાં હતા, જો કે કોથળામાંથી બિલાડુ ભાર કાઢે તેમ નાટ્યાત્મક રીતે ભાજપ ડીસા તાલુકા સમિતિના ઉપ પ્રમુખ અને સીધા સરળ ખેડૂત પુત્ર લેબજી ચમનજી ઠાકોરને ભાજપે ટીકીટ ફાળવતા તમામમાં આશ્ચર્ય ફેલાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યારે છેલ્લા ત્રણ ટર્મથી ટીકીટ માટે વલખા મારતા રબારી સમાજ અને માળી સમાજ સાથે ઈતર સમાજની લાગણીઓને ભારે ઠેસ પહોંચી છે. ગત વિધાનસભા ચૂંટણીમાં પણ આવાજ કારણોસર ભાજપ સામે માળી સમાજના મંગલાજી મનરૂપજી માળીએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી ૨૧ હજારથી વધુ મતો મેળવ્યા હતા, જો કે તેમ છતાં ભાજપના લીલાધરભાઈ વિજેતા થયા હતા, ત્યારે હાલની આ પેટા ચૂંટણીમાં પુનઃ હાંસિયામાં ધકેલાયેલા અન્ય સમાજના લોકો બળવો કરે છે કે મન મનાવે છે તે બાબત આવનારા સમયમાં મહત્વની બનશે, જ્યારે બગાસા ખાતા પતાસુ મળ્યાનાં આનંદમાં ભાજપના જાહેર થયેલા ડીસા વિધાનસભાના ઉમેદવાર લેબુજી ચમનજી ઠાકોરે જી.એસ. ટીવી સમક્ષ પાર્ટીએ તેમની કદર કરી ટીકીટ ફાળવતા ખુશી વ્યક્ત કરી હતી.



કન્યા કેળવણી નિધી યોજના અંતર્ગત માય ઓન હાઈસ્કુલ, હિંમતનગર સાબરકાંઠા જિલ્લાની, વર્ષ ૨૦૧૩ની પરીક્ષામાં કન્યાઓનું ૧૦૦ ટકા પરિણામ મેળવવા બદલ મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ, શિક્ષણમંત્રી, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા હાઈસ્કુલને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તેમજ હાઈસ્કુલ માય ઓન હાઈ.ના વ્યાયમા શિક્ષક કે.એ. ઠાકોર બાસ્કેટ બોલ રમવાની વિધાર્થીઓ તાલીમ આપી નેશનલ લેવલ તેમજ ઈન્ટનેશલ લેવલે ખેલાડીઓને મોકલવા બદલ તેમને જિલ્લા કલેકટરશ્રી ૧૫મી ઓગસ્ટના રોજ તેમનુ વિશેષ સન્માન કર્યુ હતું.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધ્વારા એન.એસ.એસ. ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૨૬

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધ્વારા એન.એસ.એસ. ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો. ગુજરાત યુનિર્વસિટીના એન.એસ.એસ. કો.ઓ. એન. પી. વર્મા ઉપસ્થિત રહ્યા હતા. એન. એસ. એસ. પ્રવૃત્તીઓની માહિતી આપી હતી. શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ મંત્રી જગદીશભાઈ જોષી, પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ, અધ્યાપકો, સ્વયંસેવક ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના ગામડી પાસે ઈનોવા અને બાઈક વચ્ચે અકસ્માત : પિતા-પુત્રના મોત

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ગામડી પાસે મંગળવારે બપોરે ઈનોવા કારે બાઈકને ટકકર મારી પડી ગયેલ ચાલક અને સવારને લગભગ ૧૫૦ થી ૨૦૦ ફૂટ ખેંચઈ લઈ જઈ બંનેના મોત નિપજાવી નાસી ગયેલ બનાવ અંગે ગાંભોઈ પોલીસ મથકે જાણ થતા પોલીસે સ્થળ પર આવી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની વિગત એવી છે કે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલ ગડાદર ગામના જશવંતભાઈ જવાનભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) અને તેમના પિતા મગનભાઈ જવાનભાઈ ચૌહાણ (ઉ.વ.૫૫) મંગળવારે બપોરે પોતાની બાઈક નંબર જીજે-૯-સીડી-૭૨૭ લઈને હિંમતનગર આવી રહ્યા હતા. બુધવારે બીજ હોવાને કારણે પુત્ર અને પિતા બાઈક પર રામદેવની નેજા લેવા આવતા સમયે ગામડી પાસે અંદાજે ૧.૧૫ વાગેના સુમારે ઈનોવા કારે બાઈકને પાછળથી ટકકર મારતા પુત્ર અને પિતા બંને રોડ પર પટકાયેલા ત્યાર બાદ આજ ઈનોવાકારની અંદર બંને ભરાઈ ગયા હતા જે બંનેને ઈનોવા કાર લગભગ ૧૫૦થી ૨૦૦ ફૂટ ખેંચીને મોત નિપજાવી નાસી ગઈ હતી. બીજી તરફ આજુબાજુના લોકો એ અકસ્માત અંગે ૧૦૮ને જાણ કરતા સ્થળ પર પહોંચીને બંનેને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ જયાં ફરજ પરના ડોકટરોએ મૃત્યુ પામેલા જાહેર કરી પોલીસને જાણ કરી હતી.

# મોડાસા કોલેજ પરિવાર દ્વારા મહા રક્તદાન શિબિર યોજાઈ



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા.૨૬

મોડાસા સ્થિત મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત મોડાસા કોલેજ પરિવાર સંકલન સમિતિ હેઠળની ૧૫ જેટલી સંસ્થાએ સંયુકત રીતે આજે મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું.

આ રકતદાન શિબિરનો પ્રારંભ જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટે કરાવ્યો હતો. રકતદાન શિબિરમાં તમામ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ રકતદાન કર્યું હતું. ઉપરાંત લાયન્સ કલબ પરિવાર, એકસીસ બેંક અને જાયન્ટસ ગૃપ સંસ્થાના સભ્યો પણ મહારકતદાન યજ્ઞમાં જોડાયા હતા. શિબિરમાં કુલ ૧૪૨ યુનિટ રકતદાન થવા પામ્યું હતું. આ મહારકતદાન શિબિરમાં કેળવણી મંડળના હોદ્દેદારો નવીન મોદી, સુભાષ શાહ, કાન્તિભાઈ પટેલ, ડૉ. નવીન શેઠ, નિલેષ જોષી, નવનીત પરીખ, પ્રવિણ પરમાર, ડૉ. મરિના ચૌહાણ સહિત વિવિધ કોલેજના આચાર્યો અને અધ્યાપકો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અંતે ડૉ. સંતોષ દેવકરે આભારવિધિ કરી હતી.




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરને રૂ. ૧.૫૧ લાખનું દાન

ખેડબ્રહ્માના ગામ વિસ્તારના શ્રી ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધા-કૃષ્ણ મંદિરને રૂ. ૧.૫૧ લાખનું દાન મળ્યું છે. શ્રાવણ માસમાં યોજાયેલ ભાગવત કથા તથા ઉત્સવોની ઉજવણી દરમિયાન સ્વ. ભોગીલાલ કાલીદાસના સ્મરણાર્થે મંદિરના વિકાસ ફંડમાં તેમના પરિવાર તરફથી રૂ. ૧,૧૧,૧૧૧ ના દાનની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી ગોપી મંડળની બહેનો તરફથી મંદિરના ભંડારને જર્મન-સીલ્વરથી મઢવા માટે રૂ. ૪૦,૦૦૦ નું દાન આપી ભંડારને સોમવતી અમાસના દિને મંદિરને અર્પણ કરવામાં આવ્યા હતા. રાધા-કૃષ્ણ મંદિરને મળેલ આ દાનને શ્રદ્ધાળુઓએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

## ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં શ્રી ચામુંડા માતાજીનો ચુંદડી મહોત્સવ યોજાશે

ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં શ્રી ચામુંડા માતાજીનો ચુંદડી મહોત્સવ યોજાશે.સુપ્રસિધ્ધ યાત્રાધામ કિશનગઢ ગામમાં શ્રી ચામુંડા માતાજીનો ચુંદડી મહોત્સવ છેલ્લા ઘણા વર્ષોથી ઉજવવામાં આવે છે. ચુંદડી મહોત્સવ તા.૩૧/૮/૨૦૧૪ ને રવીવારના રોજ યોજાશે. મુખ્ય યજમાન પદે દક્ષાબેન રણજીતભાઈ પટેલ છે. ચુંદડી મહોત્સવ દરમ્યાન માતાજીની ચુંદડીની ભવ્ય શોભાયાત્રા ધામધુમ પુર્વક નીકળશે. રાસ-ગરબા,વેશભુષા સહિત વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો શ્રધ્ધાભેર યોજાશે. પરમ પૂજય માઈબાળ જયંતાનંદની પ્રેરણા અને આશીર્વાદથી ઉજવતા આ ચુંદડી મહોત્સવના પાવન પ્રસંગ નિમિત્તે દુર-દુરથી હજ્જારો ભાવિક ભક્તો શ્રી ચામુંડા માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના કિશનગઢ



ગામમાં વર્ષોની પરંપરાઓ અનુસાર શ્રી ચામુંડા માતાજીનો ચુંદડી મહોત્સવ એટલે એક આગવું નજરાણું સમુ પુરવાર થયેલ છે. ગૌમાતા શ્રી શ્રી કપિલા કામધેનુ માતાની સમાધી જીલ્લાભરમાં એક માત્ર કિશનગઢ ગામમાં આવેલી છે. દર્શન કરી ભાવિક ભક્તો ધન્યતા અનુભવે છે.

# ભિલોડા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટનો ચુકાદો : ચેક રીર્ટન કેસમાં એક ઈસમને એક વર્ષની સજા ફટકારી

ભિલોડા,તા.૨૬

ભિલોડા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટનો ચુકાદો મુજબ રૂા.૧,૯૧,૦૦૦/-ના ચેક રીર્ટન કેસમાં એક ઈસમને એક વર્ષની સજા ફટકારતાં ખોટા ચેક આપનારા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

નગીનદાસ કેશવલાલ શાહએ મુનાઈ ગામના જયંતીભાઈને ઉછીના રૂા. ૧, ૯૧, ૦૦૦/- આપેલ હતા. જયંતીભાઈએ નગીનદાસને ચેક આપ્યો હતો. જયંતીભાઈનો ચેક નંબર.૧૦૮૫૨૩ દેના ગુજરાત ગ્રામિણ બેંકમાંથી રીર્ટન આવતા આરોપી જયંતીભાઈ વિરૂધ્ધ કાયદાકીય રીતે નોટીસ આપવા છતાં રૂપીયા ભરપાઈના કરતાં નગીનદાસએ આર. યુ. મનસુરી એડવોકેટ મારફતે ભિલોડા જ્યુડીશીયલ મેજી. ફ. ક. કોર્ટ નેગોસીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદી નગીનદાસએ તેમના વિશ્વાસુ વકીલ આર. યુ. મનસુરી મારફતે કેસ દાખલ કર્યો હતો.

ઉપરોક્ત કોર્ટમાં એડવોકેટની ધારદાર રજુઆતો અને પુરાવાના આધારે ભિલોડા જ્યુડી. મેજી. ફ. ક. કોર્ટ મેજી. ડી. પી. પુરોહિતએ જયંતીભાઈના ચેક રીર્ટન કેસ બાબતે એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂા.૧, ૯૧, ૦૦૦/-પુરા વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરતાં ખોટા ચેક આપનારા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

## ડીસા બેઠકની પેટા ચૂંટણીને અનુલક્ષી પાલનપુર ખાતે કેબલ ઓપરેટરો અને પ્રિન્ટીંગ પ્રેસના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૬

૧૩-ડીસા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીને અનુલક્ષી પાલનપુર ખાતે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કે.એસ. ગેલાતના અધ્યક્ષસ્થાને જિલ્લાના કેબલ ઓપરેટરો અને પ્રિન્ટીંગ પ્રેસના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. જેમાં ખર્ચ મોનીટરીંગ સેલના નોડલ અધિકારીશ્રી પટેલે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે કહ્યું કે પ્રચાર-પ્રસાર કરતી વખતે ચૂંટણી પંચની ગાઈડલાઈનનું ચુસ્તપણે અનુસરણ કરવાનું રહેશે. તેમણે કહ્યું કે રાજકીય પાર્ટી અથવા ઉમેદવારના પોસ્ટરો કે પેમ્પલેટ છાપવામાં આવે ત્યારે તેના પર પ્રકાશનું નામ લખવું ફરજીયાત છે. તેમણે કહ્યું કે ઈલેક્ટ્રોનિક મિડીયામાં જાહેરાત પહેલાં જિલ્લાની એમ.સી.એમ.સી. કમિટી પાસે પ્રમાણિત કરાવવી જરૂરી છે. પ્રમાણપત્ર મેળવ્યા પછી તે જાહેરાત મિડીયામાં પ્રસારીત કરી શકાશે અને તે જાહેરાતનો ખર્ચ ઉમેદવાર અથવા તો પાર્ટીના ખર્ચમાં ગણાવામાં આવશે. આ બેઠકમાં કેબલ ઓપરેટરો અને પ્રિન્ટીંગ પ્રેસના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેકટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦